કરે ખનીજોની ખાયકી બધા પેટર હોય છે
સરકાર સાથે કરે ચીટીંગ, ચીટર હોય છે
હોય છે મેટર સોદાબાજીની કરી લે સેટીંગ -
લેટી પડે લાભ જોઇને બધા સેટ્ટર હોય છે.
(જગદીશ સેટ્ટર)

લાલ 'કૃષ્ણ' એ
ખીચડી ને વખાણી -
બદલ્યો રંગ?!
(કાચંડા સ્વરૂપ અડવાણી)

ટેકે ટકવા
વેડફાય છે શક્તિ
'સિદ્ધિ વિહોણાં..'
('ટાઇમ' બોમ્બ)

ચિંતન

अज्ञो वा यदि वा विपर्यं यत्रते ज्ञानेअथ संदेह भूदेष्टादेष्ट विरोधि कर्म कुरुते यस्तस्त गोप्ता गुरुः ।
निःसंदेहविपर्यये सति पुर्नाज्ञाने विरुध्ध किंयं, राजा चेत्पुरुषं न शास्ति तद्यं प्राप्तः प्रजा विप्लवः ॥

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણઃ 'રાજનીતિ'નો આ શ્લોક છે :

રાજાનો અધિકારી વર્ગ (સનદી-સચિવો વગેરે) મૂર્ખ હોય અથવા તો નકારાત્મક વિચારો ધરાવતો હોય, દરેક બાબતના નિર્ણયમાં 'સંદેહ' ધરાવી અનિર્ણાયક્તા રહેતો હોય, અથવા તો જાણી જોઇ કામ ટલ્લે ચઢાવી ખોટાં અને વિરોધી કાર્યો કરતો હોય, અથવા તો તેના અજ્ઞાની-મૂર્ખ પીએની સલાહને રવાડે ચઢેલો હોય, અમૂક નિર્ણય લેવામાં 'વિઘ્ન' જ આવશે એવા ભીરૂ સ્વભાવનો હોય, અને છતાંય રાજા અને રાજય વિરૂધ્ધ નિર્ણયો લેતો હોય, એવા અધિકારીજન પર કોઇ દબાણવશ કે સ્વાર્થવશ જો રાજા પોતાની આજ્ઞા ન ચલાવી શકતો હોય કે આંખ આડા કાન કરતો હોય તો જાણવું કે રાજા તો મુશ્કેલીમાં છે જ પણ પ્રજા પર પણ મોટી આફત આવવાની છે.

રાજાએ પોતાના પ્રધાનમંડળ અને અધિકારીઓ ઉપર ચાંપતી નજર રાખવી જોઇએ, અધિકારીઓના કામ સ્વભાવ અને વૃત્તિનો ખાસ અભ્યાસ કરવો જોઇએ, તો જ રાજાનો વહીવટ સારો ચાલે અને પ્રજાનું કલ્યાણ થાય.

સુવિચાર

- **તમે જેને 'પ્રેમ' તરીકે ઓળખો છો એ પ્રેમ છે જ નહીં, તે તો અરસપરસની તૃપ્તિ છે એકબીજાનું શોષણ છે - જે. કૃષ્ણમૂર્તિ**
- **પ્રેમ પોતાના સિવાય કશું જ આપતો નથી અને પોતાના સિવાય બીજામાંથી કશું લેતો નથી - ખલિલ જિબ્રાન**
- **પ્રેમ કોઇને પોતાનો તાબેદાર બનાવતો નથી અને પોતે કોઇનો તાબેદાર બનતો નથી - પી. બેન્જામીન**
- **પ્રેમ કઠોર, શુષ્ક અને ક્રૂર હૃદયને પણ મીણ જેવું મુલાયમ બનાવી દે છે - વોશિંગ્ટન**
- **જે ઘરમાં પ્રેમ ભર્યું વાતાવરણ નથી એ સ્મશાન છે - કબીર**
- **આપણે જેને સહુથી વધારે ચાહીએ છીએ તેનામાં જ આપણને સૌથી વધારે દુઃખ આપવાની શક્તિ રહેલી છે - ચોન ફ્લેચર**
- **પ્રેમ એ જીભની નહીં આંખની ભાષા છે - કબીર**

બોધ કથા

રાજકારણ અને સત્તા માટે કોઇ-કોઇનું રહેતું નથી. મિત્ર-સાથીદારો અંદર-અંદર કાપા-કૂપી, ઇર્ષા-અંહની ટક્કર, કરૂણાનિધિ પરિવારનો કંકાસ, જયલલિતા-બહેનપણી અને ગુજરાતની આખી કેબીનેટ બધાં ધ્યાદાં સામ સામે 'ચેક' આપી નથી બેઠાં?!

મહાભારતનું યુધ્ધ પુરૂં થઇ ગયું હતું. રાજયમાં ચૂંટણી પછી જેવો વિષાદ હોય તે છવાયો હતો. પાંડવો હિમાલય ઉપડી ગયા હતા, ધૃતરાષ્ટ્ર રાજમહેલની એક ઓરડીમાં આંસુ સારતા સંજય (દૂરદર્શન કરાવનાર) પાસે બેઠા હતા! સંજયે પૂછ્યું, મહારાજ પૈસો-ધન-દોલત જ બધાં અનર્થનું મૂળ છે એમ તમને નથી લાગતું?

ધૃતરાષ્ટ્ર કહે - ના, પૈસો નહીં 'સત્તાનો મદ' જ બધાં અનિષ્ઠોનું મૂળ છે. સત્તામાં રહી કોઇ પણ કૌભાંડ કરવાનો ભય નથી લાગતો. સારા ખોટાં કે સાચાં ખોટાનું ભાન નથી રહેતું.. હું ધારત તો મહાભારતનું યુધ્ધ અટકાવી શક્યો હોત, પાંડવો ને અન્યાય અટકાવી શક્યો હોત, દુશાસન કાવાદાવા, દુર્યોધનની ઇર્ષા, લજજાસ્પદ-ઘૃણાસ્પદ કૃત્યો પર લગામ મૂકી શક્યો હોત પરંતુ મને જ 'સમ્રાટ' બની રહેવાની લાહ્યમાં હું આંખો મીંચી બધું જ જોયા કરતો હતો. મારી પુત્રવધુના ચીર મારા જ પુત્રો ખેંચે છતાં હું મૌન રહ્યો. સત્તા, પાપથી મળે, પાપથી જ ટકે એટલે જ કહું છું કે બધાં અનર્થોનું મૂળ 'સત્તા' જ છે

નદીએ દરિયાની જેમ માઝા મુખી દીધી છે, તેના પાણીના મોજાં સો ફૂટ ઊંચા છલાંગ મારતાં ધસમસી રહ્યાં છે

(ગતાંકથી આગળ...)

કજરી સમયસર નિશાળે પહોંચી ગઇ. ત્યાં પહોંચતાં જ તેની બે બહેનપણીઓ એ તેને ધીમેથી પૂછ્યું, 'કજરી જંગલી બોર અને સીતાફળ લાવી કે નહીં?'

'લાવી છું, આપણે રીશેષમાં ખાઇશું.'

'સારું' પછી એ લોકો પ્રાર્થના બાદ ભણવામાં લાગી ગયા. જયારે રીશેષ પડી ત્યારે સૌએ પોતપોતાનો નાસ્તાનો ડબ્બો ખોલ્યો. તે બધા હળીમળીને પોતાનો નાસ્તો એકબીજાને ખવડાવતાં ખવડાવતાં ખાતાં હતા. તેમાં કજરીએ બોર અને સીતાફલ કાઢ્યાં. બધી બહેનપણીઓએ ખાવાની મજા પડી ગઇ. કેમ કે, ખટ્ટમીઠ્ઠાં બોર અને સીતાફળ ખુબ મીઠાં હતા.

હવે નિશાળનો સમય પુરો થતાં કજરી પાછી ઘેર જતી હતી ત્યારે તેણે જોયું કે રસ્તામાં આવતી રહાની એક લારી પાસે રહાની એંઠી પ્લાસ્ટીકની પ્યાલીઓ ઘણી બધી પડી છે. તેણે જોયું કે તેમાં સેંકડો મખમાખીઓ મરેલી પડી છે. કજરીનો જીવ બળી ગયો. કારણ કે નિશાળમાં વિજ્ઞાન ભણાવતા શિક્ષકે કહેલું કે મધમાખીઓ એક ફૂલ પરથી બીજા ફૂલ પર રસ ચૂસવા ફરે છે. ત્યારે ફૂલના પરાગ કણ તેના પગમાં ચોંટે છે. જેનાથી પરાગ નયનની ક્રિયા થાય છે. આ રીતે આ મધમાખીઓ ફૂલોના પ્રજનનમાં ભાગ ભજવે છે. હવે જો મોટા પ્રમાણમાં મધમાખીઓ મરી જાય તો ફૂલોના પરાગનયનની પ્રક્રિયા અટકી જાય. તો ફૂલોનું શું થાય? નવા છોડ તૈયાર કઇ રીતે થાય? હે! ભગવાન આ નિર્દોષ જીવન કઇ રીતે મોતની જાળમાં ફસાઇને મરી રહ્યાં છે. જયારે પ્લાસ્ટીકના ખાલી કપ લોકો રહા પીને ફેંકે છે, તે તેમાં થોડી રહા રહી જાય છે. તેનો મીઠો સ્વાદ મખમાખીઓને આકર્ષે છે. તેને પીતાં જ મધમાખીઓ મરી જાય છે.

કજરીને રહાવાળા ભાઇને કહ્યું, 'કાકા જુઓને આ પ્લાસ્ટિકના કપોમાં કેટલી મધમાખીઓ મરી ગઇ છે. તમારે આ એંઠા કપને આમ રઝળવા ન દેતાં કચરાપેટીમાં નાંખવાં જોઇએ. આમ તો જો તમે માટીના કપ વાપરો તો સારું કેમ કે, માટીના એ કોડીયાં ફરી માટીમાં મળી જશે. પ્લાસ્ટીકના કપનો નાશ પણ જલ્દી થઇ શકતો નથી.'

નવાં કલેવર
- નટવર હેડાઉ

'હા... હા... બેટા અમે પણ એવું જ વિચારીએ છીએ. આમ જુઓ તો આના મોમનું પાપ મારે માથે જ ચડે છે ને! શું કરું, અજાણપણે ભૂલ થઇ ગઇ. હવે એવું નહીં થવા દઉં બસ.'

'સારું, કાકા' એટલું કહેતાં દફ્તર ઉલાળતી કજરી ત્યાંથી ચાલી નીકળી, બપોર થઇ ગયા હતા. ઘેર જઇને તેને બીજા ઘણાં કામો કરવાના બાકી હતાં. તેના બાપુ તો સાંજે જ આવશે.

કજરીએ ઝૂંપડીનું બારણું ખોલ્યું તો પાછળથી ગાયનાં ભાંભરવાનો અવાજ આવ્યો. અરે! આ તો રાધા મને જ બોલાવે છે. તે ઝડપથી પાછળના ભાગે ગઇ. એ જયારે ત્યાં પહોંચી તો તેણે જોયું કે ગાય તેને કંઇક કહી રહી છે. પહેલાં તો એને લાગ્યું કે ગાય દાણ-પાણી ને ચારો માંગી રહી છે. પરંતુ જયારે તેણે જોયું કે ગાય દાણ-પાણી અને ચારો તો પૂરતા પ્રમાણમાં પડ્યો છે, તો તેને એમ લાગ્યું કે એ તેને બીજું જ કંઇક કહેવા માંગે છે. અનાયાસ તેણે ઊંચે જોયું તો કાળાં ઘનઘોર વાદળો છવાઇ ગયાં છે. તેણે ઝટપટ રાધા ગાયને છાપરા નીચે બાંધી અને બહાર સુકવેલાં લુગડાં અને બીજી વસ્તુઓ ઉપાડીને અંદર લઇ લીધી. તો બીજી તરફ તેણે જોયું કે બાપુ પણ આજે રોજ કરતાં વહેલાં તેમનું કામ પતાવીને પાછા આવી ગયા છે.

'બેટા, આજુબાજુના ગામો ભયંકર તોફાનમાં ઘેરાઇ ગયાં છે અને વાવાઝોડું તેમજ આંધી આપણા ગામ તરફ આગળ વધે છે. બેટા કોણ જાણે હવે શું થશે? આજુ બાજુના ગામોમાં ભયંકર વરસાદ પડી રહ્યો છે. તેમાં એ ગામો તણાઇ જવાનો ભય ઊભો થયો છે. બેટા તને ખબર છે નદીનું પાણીનું સ્તર ખુબ જ વધી ગયું છે. દરિયાના મોજાની જેમ પાણીનાં મોજા ઉછળી રહ્યાં છે. ઘોડાપુર આવ્યાં છે. આજુબાજુના ગામડાનાં લોકો ગામ છોડીને ભાગી રહ્યાં છે. કેમ કે, નદીનાં પાણી એ સૌનાં ઘરમાં ઘુસી ગયાં.' બાપુએ કહ્યું.

બાપુ મને તો આ વાત રાધા ગાયે પહેલાં જ કહી દીધી છે કે તોફાન આવી રહ્યું છે. બાપુ તમને ખબર છે આ જે લોકો રાતોરાત જંગલ અને વૃક્ષો કાપી રહ્યાં છે તેના કારણે જ આ બધું થઇ રહ્યું છે. આંધી અને તોફાન વૃક્ષોના મોટા મોટા ઝુંડથી ડરે છે. પણ તેણે જોયું કે હવે કોઇ ખતરો નથી, કોઇ રોકવા કે ટોકવા વાળું નથી કારણ કે, ગામ લોકોએ મુખમિ કરીને બધાં ઝાડ કાપી નાખ્યાં છે તેથી હવે કોઇ રોકી શકે એમ નથી. તેથી પ્રચંડ ગર્જના, વરસાદ અને વાવાઝોડાનું સંયુક્ત આક્રમણ એવું થયું છે કે, જેમાં આપણે કંઇ કરી શકીએ તેમ નથી. આ ગામ લોકો કોણ જાણે કયારે જંગલ અને વૃક્ષોનું મહત્ત્વ સમજશે.'

'જયારે ગામોનાં ગામ પુરમાં તણાઇ જશે ત્યારે તેમને જંગલનું મહત્ત્વ સમજાશે. પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હશે.' બાપુએ કહ્યું.

'હાં, બેટા, કારણ કે આખો લોક સમુદાય પાણીમાં સમજાઇ જશે તો પછી આ વાત સમજવા અને સમજાવવા વાળું કોઇ રહેશે નહીં. જયારે બધું ખતમ થઇ જશે પછી સમજવાનો મતલબ પણ શું છે?'

'હાં હું પણ એ જ કહું છું.' તેવામાં ગામ લોકોનું એક મોટું ટોળું તેમની ઝૂંપડી તરફ્આવતું દેખાયું. સૌ આકળવિકળ થઇ ભાગી રહ્યાં હતા. તેમણે પાસે આવીને કહ્યું. 'બાપુ તોફાનનો પ્રકોપ વધી રહ્યો છે. હવે શું કરવું? કયાં જવું? તમને ખબર છે આ ડુંગરોને ગેરકાયદેસર તોડીને પથ્થરો લઇ જવાનું કેટલાંક બહારથી આવેલા લોકો દ્વારા ઘણા વર્ષોથી થઇ રહ્યું છે. તેથી ડુંગરાઓ પણ ઢીંગણા થઇ ગયાં છે.' એટલામાં ગામનાં સરપંચે કહ્યું, 'અરે! હવે કરવું શું?'

બાપુએ કહ્યું 'જુઓ અહીં બધા સુરક્ષિત રહી શકીએ એવું છે. જો જંગલની અંદર આવસ અને લાકડાંથી મોટી આડશ ઉભી કરીએ તો કંઇક થઇ શકે. કેમ કે, જંગલ ખાસ્સું ઊંચાઇ પર આવેલું છે. આપણે સૌ ગામ લોકો ત્યાં રહીને આપણો બચાવ કરી શકીએ એમ છીએ.'

ત્યારે ગામના સરપંચે કહ્યું કે, 'તમારી વાત બિલકુલ સાચી છે. આપણે એમ જ કરવું પડશે. ચાલો જલ્દી રાતોરાત આ કામ પૂરું કરીએ.'

તમે જાણો છો આ તોફાન કોઇ મોટા પહાડની જેમ નદીમાં ઘુસીને બેસી ગયું છે. તે નદીના પાણીને ઉછાળીને બહાર ફેંકે છે. નદીએ દરિયાની જેમ માઝા મુખી દીધી છે. તેના પાણીના મોજાં સો ફૂટ ઊંચા છલાંગ મારતાં ધસમસી રહ્યાં છે. એવું લાગે છે, કે આ ધસમસતાં પુર ખુબ વિનાશ સર્જશે.' બાપુએ કહ્યું.

'હા તેથી તો અમે સૌ આ જંગલના શરણે આશરો લેવા આવ્યાં છીએ. કેમ કે જંગલ તો દેવતા છે, તે જરૂર આપણું રક્ષણ કરશે.' સરપંચે કહ્યું.

'હાં, એ વાત સાચી, ચાલો આપણે ઝડપથી કામ શરૂ કરીએ.'

એ રીતે એ લોકો ત્યાંથી નીકળ્યાં. ગમે તે કરીને લોકોના જીવ બચવા જોઇએ. કજરી જાણતી હતી કે આ નદીના ઘોડાપુર અને વરસાદ તેમજ વાવાઝોડામાં જે ગામો તણાઇ ગયા છે. તેમાં ઘણાં નાનાં બાળકો, વૃધ્ધો અને યુવાનો હશે. બિચારાં છોકરાં, પાણી આવ્યું હશે ત્યારે ઘણાં સુઇ રહ્યાં હશે. કે કોઇ દૂધ પીતાં હશે કે, આંગણામાં રમતાં હશે. ત્યાં અચાનક પાણી ફરી વળ્યું અને એ સૌને તાણી ગયું. બિચારાં એ છોકરાં મોટા થાય, યુવાન થાય એ પહેલાં જ, જીવન શું છે એ સમજે તે પહેલાં કાળનો કોળીયો બની ગયાં. કજરીને એ વાતનો અફ્સોસ થતો હતો. તેને એવા યુવાનોના મૃત્યુ અંગે પણ દુઃખ થતું હશે કે જે હજાર હાથ સાથે મળી એક નવા સમાજની રચના કરી શકે તેમ હતા અને પેલા બિચારાં વૃધ્ધો તેમનો શું વાંક હતો. પણ પાણીના રૂપે આવેલ પિશાચ તેમનો જીવ લઇ ગયો. આ બધું થયું તેમાં વિચારવાં જેવું એ છે કે શું આપણી તો કોઇ ભૂલ નથી ને! હા, આ આખી વિભિષિકા માટે આપણે જ જવાબદાર છીએ.

આપણે જાણીએ છીએ કે ઝડપથી વધતું શહેરીકરણ, આડેધડ કપાતાં જંગલો, કુદરતી સંપત્તિનું બેફામ દોહન તેનું પરિણામ શું આવશે તેનો તો આપણે જાણે કે વિચાર જ કરતાં નથી, તો હવે ભોગવો. આ અચાનક આવેલા પરિણામને કારણે બધું જ નાશ પામશે. અરે! કુહાડા લઇને મંડી પડતા હાથોને કોઇ રોકો, શું આ વૃક્ષોને ક્ષત વિક્ષત કરતાં તમારું હૃદય જરાય કંપતું નથી. તમને જરાય દુઃખ થતું નથી. આવું બધું કજરી મનમાં આત્મમંથન કરતી હતી ત્યાં બાપુએ તેને બોલાવી.

'બેટા, અહીં આવ, થોડું ખોઇ લે.'

'હાં, બાપુ આવું જ છું. પણ આ બધું એવું બની રહ્યું છે કે તે જોઇને મારું મન ખિન્ન થઇ ગયું છે.'

'હાં, બેટાં, તારી વાત સાચી છે પણ રોટલાનું બટકું પેટમાં નાંખવાથી આ આફ્ત સામે લડવાની તાકાત આવશે. તેથી મન ન હોય તો પણ થોડું ખાવું પડશે, એ રીતે તે બંને ખાવાનું ખાવા લાગ્યાં.' **(ક્રમશઃ)**

- vanvihari@gmail.com

તમે મોટાં બેનરોમાં છાપો અમને, નાના ચોપાનીયામાં આપણને નહીં ફાવે અમે તો મોટી જાહેરાતનાં માણસ, હોર્ડિંગ્સ વગર આપણને નહીં ફાવે

રવિવારે આમેય ઘ-૪ નાં સર્કલે ભીડ ઘણી હોય છે, ટ્રાફિક સિગ્નલ કે ટ્રાફિક પોલીસ ત્યાં ન મળે અને એમાંય સાંજ ઢળી જાય પછી ઠંડી પવનની લહેરખીઓ અને હરિયાળીનાં દર્શને યુવાનોની ભીડ જામે છે... ઘ-૪ સર્કલે બેસીને કુવારાની ઠંડી વાછટને માણતાં હતા. એટલામાં જ કાળા પલ્સર પર સવાર એક યુવાન અને મોહું સંતાડેલી યુવતી રમફાટ જતાં હતા. એટલામાં પેલાં યુવાનની નજર સર્કલે ઊભાં રહેલાં હોર્ડિંગ્સ તરફ ગઇ અને એ હોર્ડિંગ્સની વિગત વાંચતા વાંચતા બાઇક હંકારતો હતો અને એનાં બેધ્યાનપણામાં એની આગળ ચાલતી સ્વિફ્ટ ડિઝાયરને ધડાકાભેર અથડાયો અને ગણતરીની ક્ષણોમાં એની બાઇક ૧૦-૧૨ ફૂટ ઘસડાઇને તણખાં વેરતી ગઇ. બેનકાબ થઇ છોકરી એક તરફ તો છોકરો બીજી તરફ ફંગોળાયો...

આજુબાજુમાં ફરવાં આવેલાં લોકોએ દોટ મુકી, ઠંડી પાણીની લહેરખીઓ ક્ષણમાં જ વરાળ થઇ ગઇ. હેલ્મેટ વગરનાં પેલાં યુવાનના માથામાંથી તરબૂચ તોડીએને જેમ લાલ પાણીની ધાર વછૂટે એમ લોહી વછૂટ્યું, નસીબજોગે ૧૦૮ ની ગાડી એટલામાં જ હતી એટલે માત્ર ૨ જ મિનિટમાં સાયરન મારતી ગાડી પેલાં યુવાનને સિવિલ ભેગો કરવાં ઉપાડી ગઇ. ત્યાં ઉભેલાં અને એ અકસ્માતનાં સાક્ષી બનેલાં સૌ ડોળા ફાડી જોતાં જ રહી ગાય અને ફરવાનો અને રવિવારની રજા માણવાનો મોહ ઓસરી જતાં અમે પણ ઘરની વાટ પકડી પણ મનમાં માત્ર અકસ્માતનો જ વિચાર ચાલતો હતો. આવું કેમ થયું? કેમ આજકાલના યુવાનો બેકહામ અને નિષ્કાળજીથી વાહનો ચલાવે છે? આનું કારણ શું? ઘ-૪ નાં સર્કલે પેલું હોર્ડિંગ્સ લગાડેલું એ યોગ્ય હતું? કેટલી ખરાબ બાબત ને? એ જાહેરાતમાં એવું તે શું હતું કે એ યુવાનને એ વાંચવામાં પોતાનું બાઇક ચલાવવાનું ભાન ના રહ્યું. પેલાં બંનેનું શું થયું હશે? બચી તો જશે ને? સતત પેલો અકસ્માત અને જાહેરાતનું હોર્ડિંગ્સ નજર સામેથી હટવાનું નામ જ લેતાં નહોતાં?!

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

હોર્ડિંગ્સ જે જગ્યાએ અને જે રીતે મુકેલા એ ખરેખર કોઇનાય ધ્યાને આવે એવું જ હતું. પણ આ બધાંની આટલી ગરજ અને આવશકયતા છે ખરી? આજે ગાંધીનગરમાં ઠેક ઠેકામે અવનવી ઇવેન્ટ અને સ્વપ્રસિધ્ધિની જાહેરખબરોનાં મોટાં મોટાં હોર્ડિંગ્સ દેખાય છે. જયાં જગ્યા મળે, જયાંથી એ લગાડનારની જાહેરાત થઇ શકે એવી જગ્યાએ સાઇઝની ચિંતા કર્યા વગર કોઇની પરમિશન વગર હોર્ડિંગ્સ રાતોરાત ઉભા થઇ જાય છે. ચિત્તાકર્ષણ રંગ અને અવનવ ડિઝાઇન સાથેનાં સંદેશાથી કોઇ પણ રાહદારીનું ધ્યાન આપોઆપ એ તરફ ખેંચાય જ, પણ એનાં પરિણામ કે ફાયદા શું?? **(અનુસંધાન પાના નં. ૬ પર)**

આપણા ભાગે જે કામ આવ્યું તેને જ સૌથી મહત્ત્વનું ગણીને સમગ્ર શક્તિ એમાં ખર્ચી નાખવી એનું નામ આશાવાદી

Whether you think
You can.....
..... Or you think
You Can't
..... either way you
are right!

ઘણાં એટલા નસબવંતા હોય છે કે એમને ધૂળમાંથી પણ હીરા જડે. અને કેટલાંક એવા હોય છે જેમની જિંદગી એટલે પળોપળનો સંઘર્ષ. અને પછી પણ સફળતા મળે તો એમનું નસીબ!

સફળતા મળ્યા પછી એની પાછળ સારી-નરસી વાતો ઢંકાઇ જાય છે અને આંખે ઊડીને વળગે છે ચળકાટ - સફળતાનો. પણ કેટલીકવાર એવું બની જાય છે કે જીવ રેડીને કરેલી મથામણ - તે પછી મળે નિષ્ફળતા. એ નિષ્ફળતા એવી હોય જેના પડછાયાને જોઇને એની પાછળ જે કારમી મથામણ કરી હોય તે છતી થાય અને એ પછડાટ જોઇને ગૌરવની લાગણી સૌ કોઇને થાય.

અથવા એમ પણ બને કે થોડી અમથી મહેનતથી મળેલી સફળતાં કરતાં, ખૂબ મહેનત છતાં મળેલી નિષ્ફળતા જોઇને તમારા તરફ માનની લાગણી થાય. કેમ કે, હારવાની પળ સુધી પર હાર ના માનવી એ જ ખુમારી છે. મરણિયો પ્રયાસ બતાવી આપે છે કે છેક સુધી હથિયાર હેઠાં નથી મૂક્યાં. કેમ કે, સફળતાની આશા રાખવી એ જ જીવન છે. આશા છોડી દીધી એટલે અંત - નિરાશા એ મરણ - નિષ્ફળતા. અંત નથી - નિરસતા અંત છે.

આપણા ભાગે જે કામ આવ્યું તેને જ સૌથી મહત્ત્વનું ગણીને સમગ્ર શક્તિ એમાં ખર્ચી નાખવી એનું નામ આશાવાદી. એવું કહેવાય છે કે નિરાશાવાદીને બાળો કે દફનાવો એ પહેલાં એ મરણ પામી ચૂક્યો હોય છે.

પ્રવૃત્તિમય જીવન રાખવું અને છેક સુધી આશા ન ગુમાવવી એવું બોલીએ / લખીએ / વાંચીએ એટલે તરત અર્નેસ્ટ હેમિંગ્વેની "Old Man and the Sea" અચૂક યાદ આવી જાય. સાહિત્યનું 'નોબેલ પ્રાઇઝ' મેળવનાર આ કૃતિમાં આ વાત ખૂબ જ સરળતાથી અને સુંદર રીતે રજૂ કરી છે. અર્નેસ્ટ હેમિંગ્વેએ - એક સાન્તિયાગો નામના બુઢ્ઢા માછીમારની વાત કરી છે. એની વાતનો સૂર છે હાર ના માનવી.

અખાતમાં હોડી લઇને માછલાં પકડવા જનાર એકલો એ જ બુઢ્ઢો માછીમાર હતો. સતત ચોર્યાસી દિવસ સુધી દરિયે જવા છતાં એક પણ માછલી પકડાઇ નથી. એક નાનકડો છોકરો શરૂઆતનાં ચાળીસ દિવસ તેની સાથે જતો હતો એને પણ માબાપના કહેવાથી બુઢ્ઢાને કમનસીબ ગણી છોડીને જતા રહેવું પડે છે. એ પછી પંચ્યાસીમાં દિવસે બુઢ્ઢો દરિયે જવા તૈયાર થાય છે, એ માને છે કે દરેક નવા દિવસનું નસીબ નવું હોય છે, અને નસીબ ખૂલે તે વખતે

પારિજાત
- રેખા ભટ્ટ

આપણે તૈયાર હોઇએ તે જરૂરી છે. અને તે પીવાના પાણીની એક બોટલ લઇને માછલી - પકડવાનો ગલ, દોરડાં, સટ, ખભે નાખીને દરિયાની સફરે જવા નીકળી પડે છે.

ખૂબ દૂર દૂર નીકળી ગયા પછી એણે નાખેલાં ગલમાં એક માછલી સપડાઇ હોય એવું લાગે છે. ધીમે ધીમે એને ખેંચતા જતાં માછલી છે જ એવી ખાત્રી થાય છે. અને બુઢ્ઢો એને ધીમે ધીમે દોરડાથી એને ખેંચવાનું શરૂ કરે છે. પણ બુઢ્ઢાના સદ્નસીબે (કે કમનસીબે) આ માછલી અત્યંત મોટી છે. જેની તાણ સહન કરવી બુઢ્ઢાની તાકાત બહાર છે. ઉપર તપતો સૂરજ, ભૂખ-તરસથી બેહાલ, સતત બે-ત્રણ દિવસ રાતની મથામણ અને ઉજાગરાં-દોરડું ખેંચી રાખવાની તાકાત ઘટતી જાય છે. સામે પક્ષે માછલીનો પોતાનો જીવ બચાવવાનો તરફડાટ અને ઘમપછાડા વધતા જાય છે. એના આ તરફડાટ અને ગલમાંથી છૂટી જવાના. માછલીના પ્રયત્નોથી બુઢ્ઢાને માછલી માટે માન થાય છે, અને તેથી માછલીને ઉદ્દેશીને કહે છે, "તારો જન્મ જ એટલા માટે થયો છે કે માણસો તને ખાઇ જાય - પણ તું એટલી ગૌરવશાળી છે કે તને ખાવા જેટલી એ લોકોની લાયકાત છે ખરી? અને હું માછીમાર છું એટલે તને સહેલાઇથી છટકવા નહીં દઉં." એમ વિચારી દુઃખતા - છોલાતા હાથે દોરડાની તાણ સહન કરીને માછલીને ઉપર ખેંચવાનો પ્રયત્ન કરતાં, માછલી ઘવાઇને લોહી નીકળતાં, એ લોહીની ગંધથી આસપાસની શાર્ક માછલીઓ ટોળાબંધ હુમલો કરે છે.

હવે બુઢ્ઢાએ બે મોરચે ઝઝૂમવાનું થાય છે. શરીરની તાકાત જવાબ દઇ દે છે છતાં વિચારે છે કે માછલીને શાર્કથી બચાવવાની આશા ના રાખવી એ પાપ છે. અને હવે કયાં સાધનો નથી, શું નથી એ વિચારનો સમય નથી, પણ પાસે જે છે તેનાથી શું કરી શકાય તેમ છે તેનો જ વિચાર કરવો જોઇએ.

પોતાની બધી તાકાત ખરચી નાખ્યા પછી પણ માછલી શાર્કના હુમલાથી બચાવી શકાતી નથી અને બુઢ્ઢો ખાલી હોડી અને ગલમાં ભરાયેલું માછલીનું હાડપિંજર લઇ પાછો ફરે છે. એણે પકડેલી માછલીનું હાડપિંજર હોડી કરતાં પણ મોટું હોવાથી બધાંને દરિયા પર એકલા ઝઝૂમતા રહેલા બુઢ્ઢા માટે અત્યંત માન થાય છે. બીજા દિવસે દરિયે જવાનું નક્કી કરીને બુઢ્ઢો થાકી હારીને ભૂખ્યો તરસ્યો છાપાં પાથરીને પોતાની ઝૂંપડીમાં ઊંઘી જાય છે.

અને એ રાતે ઊંઘમાં બુઢ્ઢાને સિંહનાં જ સ્વપ્ન આવ્યા કરે છે.

ટૂંકમાં, ખૂબ સુંદર રીતે, ખોટાં વર્ણનો કર્યા વિના આ કથા આલેખાઇ છે. જે વાંચીએ તો સમજાય કે આપણી ભાગવદ્ ગીતામાં આનાથી અલગ કંઇ કહેવાયું નથી.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૧મી જુલાઇ

કવિ, સમાજસુધારક, બહેરામજી મલબારીની પુણ્યતિથિ ૧૮૧૩.

અનુભવિકા, સાંસારિકા, નીતિ વિનોદ, ઉત્તમ પુસ્તકો આપ્યા. ઇન્ડીયન સાકેટર્ટર, ગુજરાત અને ગુજરાતી સામયિકો.

ભારતીય નારીની સ્થિતિમાં સુધારો, લાળ લગ્નો અટકાવવા માર્ટમાં તેમના પ્રયાસોની નોંધ બ્રિટન પાર્લામેન્ટમાં લેવાઇ હતી.

● ૧૯૭૨માં પ્રથમવાર પાંચ રૂપિયાની નોટ ચલણમાં મૂકવામાં આવી.



● કસ્તુરબાનો જન્મ - ૧૮૬૯ની ૧૧મી જુલાઇ.

● ૧૯૦૪ ગાયક સમ્રાટ સાયગલનો જન્મદિન.



● ગુજરાતના મુકસેવક કલ્યાણજીભાઇ વિઠ્ઠલભાઇ મહેતાનું અવસાન.

● ૧૯૧૮માં ગાંધીજી અમદાવાદમાં આવ્યા. અંગ્રેજ કમિશનરને મળી ખેડા સત્યાગ્રહ સંબંધી વાતચીત કરી. વડોદરામાં જાહેર સભા કરી.